( G. C. P., G.—1113—Part IV-A, dated 3-8-72 Pages 1070-1087)

શિક્ષણ અને મજૂર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જુલાઈ, ૧૯૭૨.

ભારતનું સંવિધાન

નંબર જી/એસઓવ/૪૪૩૭/ઈએમ/૧૦૬૭/૯૫૦૭૮/છ.—રાષ્ટ્રપતિના તારીખ ૧૩મી મે ૧૯૭૧નાં હુકમ નંબર જીએસઆર /૯૬૨ સાથે વાંચતા ભારતના સંવિધાનની કલમ ૩૦૯થી મળેલી સત્તાની રુએ અને આ વિષય પરત્વેના વિદ્યમાન નિયમો અથવા હુકમો રદ કરીને ગુજરાતના રાજ્યપાલ આથી સમાજ સંરક્ષણ ખાતામાં નિમાયેલી વ્યકિતઓએ ખાતાકીય પરીક્ષાઓ પસાર કરવા અંગેની તેમની નોકરીની શરતો માટે નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો 'ગુજરાત સમાજ સંરક્ષણ ખાતાકીય પરીક્ષા (તાબાની સેવાની ખાતાકીય અને ઉચ્ચ કક્ષાની ખાતાકીય પરીક્ષાને લગતી નોકરીની શરતો) નિયમો, ૧૯૭૨' કહેવાશે.

(૨) રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે તે તારીખે તે અમલમાં આવશે.

(૩) પરિશિષ્ટ 'ક' માં નિર્દિષ્ટ કરેલી, સમાજ સંરક્ષણ ખાતામાં ૨૯મી મે, ૧૯૫૯ના રોજ કે તે પહેલાં ભરતી કરાયેલી વ્યકિતઓ તથા પરિશિષ્ટ 'ખ'માં અનુક્રમ નંબર ૫,૭, ૮, ૯, તથા ૧૦માં નિર્દિષ્ટ કરેલી બઢતીથી કે બીજી રીતે નિમાયેલી વ્યકિતઓને આ નિયમો લાગુ પડશે :

પરંતુ પરિશિષ્ટ 'ખ'માં અનુક્રમ નંબર ૪માં નિર્દિષ્ટ કરેલી જગાઓ ઉપર સમાજ સંરક્ષણ ખાતામાં ૩જી જૂન, ૧૯૬૬'ના રોજ કે તે પછી બઢતીથી કે બીજી રીતે નિમાયેલી વ્યકિતઓને આ નિયમો લાગુ પડશે:

વધુમાં આ નિયમો નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ—

(૧) પરિશિષ્ટ 'ખ'માં અનુક્રમ નંબર ૧, ૨ અને ૩માં નિર્દિષ્ટ કરેલ જગાઓ ઉપર નિયત તારીખ પહેલાં બઢતીથી કે બીજી રીતે નિમાયેલી વ્યકિતઓ,

(૨) પરિશિષ્ટ 'ક' અને 'ખ'માં નિર્દિષ્ટ કરેલી કોઈપણ જગા ઉપર તારીખ ૨૯મી મે, ૧૯૫૯ પહેલાં નિમાયેલી વ્યકિતઓ:

પરંતુ આવી કોઈ વ્યકિતએ નિયત તારીખ પહેલાં સંબંધિત પરીક્ષા પસાર કરી હોય અથવા તે પસાર કરવામાંથી તેને મુકિત મળી હોય તો તેને આ નિયમોમાં ઠરાવેલી પરીક્ષા પસાર કરવાની રહેશે નહિ:

વધુમાં આવી કોઈ વ્યકિતએ સંબંધિત પરીક્ષા પસાર કરવા માટેના જુના નિયમો હેઠળ ઠરાવેલી સર્વ તકો નિયત તારીખ પહેલાં પૂરી કરી હોય અને તે પરીક્ષા પસાર કરી ન હોય, તો આ નિયમોમાંના કોઈપણ મજકૂરથી તેમાં સ્પષ્ટ ઠરાવ્યું હોય તે સિવાય, આ નિયમોમાં ઠરાવ્યા પ્રમાણે પરીક્ષામાં બેસવાનો હક તેને રહેશે નહિ.

૨. આ નિયમોમાં સંદર્ભ ઉપરથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય:—

(ક) 'પરિશિષ્ટ' એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) 'નિયત તારીખ' એટલે આ નિયમો અમલમાં આવવાની તારીખ;

(ગ) 'તાબાની સેવાની ખાતાકીય પરીક્ષા' એટલે પરિશિષ્ટ 'ક'માં નિર્દિષ્ટ કરેલ કોઈ જગા ઉપર નિમાયેલી સરકારી નોકર માટેની ખાતાકીય પરીક્ષા જુના નિયમો હેઠળ ઠરાવેલી કારકુનો માટેની ખાતાકીય પરીક્ષાઓ તેમાં સમાવેશ થાય છે.

(ઘ) 'સીધી રીતે ભરતી કરાયેલા ઉમેદવાર' એટલે પરિશિષ્ટ 'ક' અથવા પરિશિષ્ટ 'ખ' માં નિર્દિષ્ટ કરેલ કોઈ જગા ઉપર બઢતી સિવાય નિમાયેલ કોઈ વ્યકિત;

(ચ) 'ઉચ્ચ કક્ષાની ખાતાકીય પરીક્ષા' એટલે પરિશિષ્ટ 'ખ'માં નિર્દિષ્ટ કરેલી સરકારી નોકરો માટેની ખાતાકીય પરીક્ષા તેમાં જુના નિયમો હેઠળ ઠરાવેલી એ કક્ષાના સરકારી નોકરો માટેની ખાતાકીય પરીક્ષાનો સમાવેશ થાય છે;

(છ) 'જુના નિયમો' એટલે નિયત તારીખની તરત પહેલાં અમલમાં હતા તે તાબાની સેવાની ખાતાકીય પરીક્ષા અથવા ઉચ્ચ કક્ષાની ખાતાકીય પરીક્ષા માટેના નિયમો;

(જ) સંબંધિત પરીક્ષા' એટલે આ નિયમો હેઠળ ઠરાવેલી, તાબાની સેવાની અથવા ઉચ્ચ-કક્ષાની ખાતાકીય પરીક્ષા અને તેમાં, જુના નિયમો હેઠળ ઠરાવેલી તાબાની સેવાની અથવા ઉચ્ચ કક્ષાની ખાતાકીય પરીક્ષાનો સમાવેશ થાય છે.

(ઝ) 'નિર્દિષ્ટ તકો' એટલે આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી તકોની સંખ્યા, જેમાં કોઈ વ્યકિતએ સંબંધિત પરીક્ષા પસાર કરવાની રહેશે;

(ટ) 'નિર્દિષ્ટ મુદત' એટલે કોઈ વ્યકિતએ સંબંધિત પરીક્ષા પસાર કરવા માટે આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી મુદત.

૩. નિયમ ૫ની જોગવાઈને અધીન રહીને—

(૧) પરિશિષ્ટ 'ક'માં નિર્દિષ્ટ કરેલી કોઈ જગા ઉપર, નિયત તારીખ પહેલાં નિમાયેલી અને આ નિયમોને અધીન દરેક વ્યકિતએ, પોતાની વિધિસરની નિમણુકની તારીખથી ૩ વર્ષની મુદતની અંદર, તાબાની સેવાની ખાતાકીય પરીક્ષા પસાર કરવાની રહેશે;

(૨) પરિશિષ્ટ 'ક' માં નિર્દિષ્ટ કરેલી કોઈપણ જગા ઉપર નિયત તારીખ પહેલાં નિમાયેલી અને આ નિયમોને અધીન દરેક વ્યકિતએ પોતાની વિધિસરની નિમણૂકની તારીખથી એક વર્ષની મુદતની અંદર તાબાની નોકરીની ખાતાકીય પરીક્ષા પસાર કરવાની રહેશે;

(૩) પરિશિષ્ટ 'ખ' માં નિર્દિષ્ટ કરેલી કોઇ જગા ઉપર નિયત તારીખ પહેલાં, બઢતી સિવાય નિમાયેલી અને આ નિયમોને અધીન દરેક વ્યકિતએ, પોતાની વિધિસરની નિમણૂકની તારીખથી ૩ વર્ષની મુદતની અંદર ઉચ્ચ કક્ષાની ખાતાકીય પરીક્ષા પસાર કરવાની રહેશે.

(૪) પરિશિષ્ટ 'ખ'માં નિર્દિષ્ટ કરેલી કોઈ જગા ઉપર નિયત તારીખે કે તે પહેલાં બઢતી સિવાય નિમાયેલી અને આ નિયમોને અધીન દરેક વ્યકિતએ, પ્રોબેશનની મુદતની અંદર ઉચ્ચ કક્ષાની ખાતાકીય પરીક્ષા પસાર કરવાની રહેશે:

પરંતુ કારકુન અથવા સિનિયર કારકુન તરીકે બઢતી સિવાય નિમાયેલ અને સંબંધિત પરીક્ષા લેવાની તારીખ પહેલાં પેટા-નિયમો (૧) અથવા (૨)માં જોગવાઈ કર્યા પ્રમાણે પરીક્ષા પસાર કરવાની મુદત પૂરી થઈ ગઈ હોય તો જેને છેલ્લી તક હોય તેવી વ્યકિત માટે સદર મુદત એ રીતે લેવાયેલી પરીક્ષાના પરિણામની જાહેરાતની તારીખ લંબાવેલી છે એમ ગણાશે;

વધુમાં પેટા નિયમો (૨) અને (૪)માં ઉલ્લેખેલા, સીધી રીતે નિમાયેલા ઉમેદવારો, ઉપર્યુકત નિર્દિષ્ટ મુદતની અંદર પરીક્ષા પસાર કરે તો, તેવી મુદત, તે ઉમેદવારોની નોકરી અન્યથા સંતોષકારક હોય તો તે ઉમેદવાર વધારેમાં વધારે ત્રણ (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત-આદિ જાતિના ઉમેદવારોની બાબતમાં ચાર) તકોમાં પરીક્ષા પસાર કરી શકે તે માટે જરૂરી હોય તેવી એકંદરે ત્રણ વર્ષ (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના ઉમેદવારોની બાબતમાં ચાર વર્ષ) સુધી લંબાવી શકાશે.

૪. (૧) પરિશિષ્ટ 'ખ'માં નિર્દિષ્ટ કરેલ કોઈ જગા ઉપર બઢતી પાત્ર થવા સારુ પરિશિષ્ટ 'ક'માં નિર્દિષ્ટ કરેલી કોઈ જગા ઉપર ૨૬મી મે, ૧૯૫૯ના રોજ કે તે પછી પરંતુ નિયત તારીખ પહેલાં નિમાયેલાં અને તાબાની સેવાની ખાતાકીય પરીક્ષા પસાર કરી ચૂકેલા અથવા તે પસાર કરવામાંથી જેને મુકિત આપવામાં આવી હોય તે સરકારી નોકરો, પરિશિષ્ટ 'ક'માં નિર્દિષ્ટ કરેલ કોઈ જગા ઉપર તેની નિમણૂક થયાની તારીખથી આઠ વર્ષની મુદતની અંદર અથવા નિયત તારીખથી ૩ વર્ષની મુદતની અંદર એ બે માંથી મોડી હોય તે તારીખની અંદર, ઉચ્ચ કક્ષાની ખાતાકીય પરીક્ષા પસાર કરવાની રહેશે, સિવાય કે તેને ઉચ્ચ કક્ષાની ખાતાકીય પરીક્ષા પસાર કરવામાંથી મુકિત આપવામાં આવી હોય:

પરંતુ નિયત તારીખ પહેલાં નિમાયેલો સરકારી નોકર, જ્યાં સુધી તે ૧૧ વર્ષની નોકરી પૂરી કરે નહિ ત્યાં સુધી અને તેણે તાબાની નોકરીની ખાતાકીય પરીક્ષા પાસ કરી ન હોય તો, ઉચ્ચ કક્ષાની ખાતાકીય પરીક્ષામાં બેસવા માટે પાત્ર ગણાશે નહિ.

(૨) પરિશિષ્ટ ખમાં નિર્દિષ્ટ કરેલી કોઈ જગા ઉપર બઢતી માટે પાત્ર થવા સારુ પરિશિષ્ટ કમાં નિર્દિષ્ટ કરેલી કોઈ જગા ઉપર નિયત તારીખે કે તે પછી નિમાયેલ અને તાબાની સેવાની

ખાતકીય પરીક્ષા પસાર કરી ચૂકેલા અથવા જેને એ પરીક્ષા આપવામાંથી મુકિત મળેલી હોય તે સરકારી નોકરે, પોતાની નિમણૂકની તારીખથી છ વર્ષની મુદતની અંદર ઉચ્ચ કક્ષાની ખાતાકીય પરીક્ષા પસાર કરવાની રહેશે:

પરંતુ જેણે પરિશિષ્ટ કમાં નિદિષ્ટ કરેલી કોઈ જગા ઉપર ત્રણ વર્ષની નોકરી પૂરી કરી ન હોય અથવા તાબાની સેવાની ખાતાકીય પરીક્ષા પસાર ન કરી હોય અથવા તે પસાર કરવામાંથી મુકિત મેળવી ન હોય તે વ્યકિત ઉચ્ચ કક્ષાની ખાતાકીય પરીક્ષામાં બેસવા માટે પાત્ર ગણાશે નહિ.

પ. (૧) નિયમ ૩ અથવા નિયમ ૪ હેઠળ પસાર કરવાની સંબંધિત પરીક્ષા નિર્દિષ્ટ મુદત દરમિયાન વધારેમાં વધારે બે કે ત્રણ તકોમાં પસાર કરવાની રહેશે;

પરંતુ, જૂના નિયમો હેઠળ, નિયત તારીખ પહેલાં ખરેખર મળેલી અથવા મળવી જોઈતી તકો, આ નિયમો હેઠળ મળેલી છે એમ ગણાશે:

વધુમાં, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની વ્યકિતઓને એક કે વધુ તકો આપી શકાશે, જે નિયમ ૩ના પેટા-નિયમ (૧),(૨),(૩) અથવા (૪) અથવા નિયમ ૪માં દર્શાવેલી મુદત પૂરી થયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર પૂરી કરવાની રહેશે.

૬. (૧) તારીખ ૨૯મી મે ૧૯૫૮ના રોજ કે તે પછી, પરિશિષ્ટ ક અથવા ખમાં નિર્દિષ્ટ કરેલી કોઈ જગા ઉપર નિમાયેલા સીધી ભરતીના ઉમેદવાર, આ નિયમોમાં ફરમાવ્યા પ્રમાણે સંબંધિત પરીક્ષા પસાર કરે નહિ, તો તેની નોકરી સમાપ્ત કરવામાં આવશે.

(૨) પરિશિષ્ટ કમાં નિર્દિષ્ટ કરેલ સરકારી નોકર, આ નિયમો હેઠળ નિર્દિષ્ટ કરેલી મુદતમાં અને તકોમાં ઉચ્ચ કક્ષાની ખાતાકીય પરીક્ષા પસાર કરે નહિ તો નિયમ ૭માં અન્યથા ઠરાવ્યું હોય તે સિવાય, પરિશિષ્ટ ખમાં નિર્દિષ્ટ કરેલી જગા ઉપર બઢતી માટે પાત્ર ગણાશે નહિ.

પરંતુ પેટા-નિયમ (૧)માં અથવા પેટા-નિયમ (૨)માં ઉલ્લેખેલી કોઈ વ્યકિતની બાબતમાં રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે તે ઉમેદવાર પોતાના કાબૂ બહારનાં કારણોસર પોતાની છેલ્લી તક હતી તેમાં તે પરીક્ષા પસાર કરી શકયો નથી અથવા ખૂબ ઓછા માર્ક ખૂટતા હોવાને કારણે પરીક્ષા પસાર કરી શકયો નથી, તો રાજ્ય સરકાર, કારણોની લેખિત નોંધ કરીને તે ઉમેદવારને પરીક્ષા પસાર કરવા માટે એક વધુ તક આપી શકશે.

૭. પોતાને મળતી નિર્દિષ્ટ મુદત કે તકોમાં ઉચ્ચ કક્ષાની ખાતાકીય પરીક્ષા પસાર નહિ કરનાર પરિશિષ્ટ કમાં નિર્દિષ્ટ કરેલા સરકારી નોકર, એ રીતે પરીક્ષા પસાર કરી ન હોવા છતાં, પંદર રૂપિયાની પરીક્ષા ફી ભરીને કોઈપણ સમયે પરીક્ષામાં બેસવાને પાત્ર થશે અને પરીક્ષા પસાર કરે એટલે તે પરિશિષ્ટ ખમાં નિર્દિષ્ટ કરેલી જગા ઉપર બઢતી માટે પાત્ર થશે:

પરંતુ પરીક્ષા વહેલી પસાર કરનાર વ્યકિતઓ કરતાં આગળની સિનિયોરીટી માટે માગણી કરવાને તે હકદાર રહેશે નહિ.

૮. નિર્દિષ્ટ કરેલી મુદતમાં અને નિર્દિષ્ટ કરેલી તકોમાં ઉચ્ચ કક્ષાની ખાતાકીય પરીક્ષા પસાર કરનાર પરિશિષ્ટ કમાં નિર્દિષ્ટ કરેલા સરકારી નોકરને પરિશિષ્ટ ખમાં નિર્દિષ્ટ કરેલી કોઈ જગા ઉપર બઢતી મળે એટલે, તે સરકારી નોકરની કેડરમાં તેના કરતાં જુનિયર હોય તેને પરિશિષ્ટ ખમાં નિર્દિષ્ટ કરેલી કોઈ જગા ઉપર, ઉચ્ચ કક્ષાની ખાતાકીય પરીક્ષા વહેલી પસાર કરવાને લીધે બઢતી મળી હોય, તેના કરતાં આગળ સિનિયોરીટી આપવામાં આવશે.

૯. પરિશિષ્ટ ખમાં નિર્દિષ્ટ કરેલ કોઈપણ જગા ઉપર બઢતી માટે લાયકાત ધરાવતી કોઈ વ્યકિત ન મળે ત્યારે ઉચ્ચ કક્ષાની ખાતાકીય પરીક્ષા પાસ કરવા માટે જેની તકો પૂરી થઈ ગઈ ન હોય તેવી, પરિશિષ્ટ "ક"માં નિર્દિષ્ટ કરેલી, લાયકાત ન ધરાવતી વ્યકિતને, પરિશિષ્ટ 'ખ'માં નિર્દિષ્ટ કરેલી જગા ઉપર અવેજીમાં બઢતી આપી શકાશે. પરંતુ તે એ શરતે કે બઢતી માટે લાયક વ્યકિત મળે અથવા નિયમ ૪ અથવા ૫માં નિર્દિષ્ટ કરેલી મુદતની અને નિર્દિષ્ટ કરેલી તકોની અંદર તે પરીક્ષા પસાર કરે નહિ એ બેમાંથી જે વહેલું બને ત્યારે તેને મૂળ જગાએ મૂકવામાં આવશે.

સ્પષ્ટીકરણ.—આ નિયમમાં 'લાયકાત ધરાવતી વ્યકિત' એટલે જેણે ઉચ્ચ કક્ષાની ખાતાકીય પરીક્ષા પસાર કરી હોય તેવો, પરિશિષ્ટ કમાં નિર્દિષ્ટ કરેલો સરકારી નોકર અથવા જેને પરીક્ષામાંથી મુકત મળી હોય તેવો, પરિશિષ્ટ કમાં નિર્દિષ્ટ કરેલો સરકારી નોકર અને 'લાયકાત ન ધરાવતી વ્યકિત' એ સંજ્ઞાનો અર્થ તદનુસાર સમજવો.

૧૦. પરિશિષ્ટ ક અથવા ખમાં નિર્દિષ્ટ કરેલ સરકારી નોકરનો ઈજાફો, સંબંધિત પરીક્ષા તે પસાર ન કરે તો અટકાવશે અને પરિશિષ્ટ ક અથવા ખમાં નિર્દિષ્ટ કરેલ સરકારી નોકરની બાબતમાં, જુના નિયમો હેઠળની પરીક્ષા પસાર નહિ કરવા માટે, નિયત તારીખ પહેલાં તેનો ઈજાફો અટકાવાયો હોય તો તે નિયત તારીખથી છૂટો કરવામાં આવશે અને ઈજાફો અટકાવવામાં આવ્યો ન હોય તેમ અગાઉના બધા ઈજાફા તેને મળશે, તેમ છતાં પરિશિષ્ટ ક અથવા ખમાં નિર્દિષ્ટ કરેલ સરકારી નોકર, 'ઈજાફા અટકાવવાને કારણે તેણે ગુમાવેલ પગારની બાકી રકમની માગણી કરવાને હકદાર રહેશે નહિ.

૧૧. દર વર્ષે સમાજ કલ્યાણ નિયામક, તાબાની સેવાની ખાતાકીય પરીક્ષા અને ઉચ્ચ કક્ષાની ખાતાકીય પરીક્ષા બે વાર લેશે. પરીક્ષા સામાન્ય રીતે જૂન અને ડિસેમ્બર મહિનામાં લેવામાં આવશે.

૧૨. તાબાની સેવાની ખાતાકીય પરીક્ષા માટેનાં પાઠયપુસ્તકો, પરિશિષ્ટ 'ગ'માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે અને ઉચ્ચ કક્ષાની ખાતાકીય પરીક્ષા માટેનાં પાઠયપુસ્તકો, પરિશિષ્ટ 'ઘ'માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે રહેશે:

પરંતુ જેમણે પરિશિષ્ટ 'ગ'માં નિર્દિષ્ટ કરેલ તાબાની સેવાની ખાતાકીય પરીક્ષા પસાર કરી હોય તેમને, પરિશિષ્ટ 'ઘ'માં નિર્દિષ્ટ કરેલ ઉચ્ચ કક્ષાની ખાતાકીય પરીક્ષાના પ્રશ્નપત્ર ૧ અને પ્રશ્નપત્ર ૨માંથી મુકિત મળશે:

૧૩. આ નિયમો હેઠળ કોઈ પરીક્ષા આપવા માગતા પરિશિષ્ટ ક અથવા ખમાં નિર્દિષ્ટ કરેલા સરકારી નોકરે, પરીક્ષાના આરંભથી ઓછામાં ઓછા સાઠ દિવસ પહેલાં, પરિશિષ્ટ 'ચ' માંના નમૂના પ્રમાણે સમાજ સંરક્ષણ નિયામક, ગુજરાત રાજ્યને એ પરીક્ષા માટેના ઉમેદવાર તરીકે પોતાનું નામ નોંધવા માટે પોતાની અરજી મોકલવી જોઈશે ત્યારપછી ઉમેદવાર પરીક્ષા નહિ આપવાનો નિર્ણય કરે તો તેણે, પરીક્ષાના આરંભની તારીખથી ઓછામાં ઓછા ૩૦ દિવસ અગાઉ સમાજ સંરક્ષણ નિયામક, ગુજરાત રાજ્યને તે બાબતની જાણ કરવી જોઈશે પરીક્ષા આપવા માટે ઉમેદવાર તરીકે પોતાનું નામ નોંધાયા પછી, પરીક્ષામાં ન બેસે, પણ ઉપર્યુક્ત જાણ કરે નહિ તેણે પરીક્ષા પસાર કરવાની એક તક ગુમાવી છે એમ ગણાશે:

પરંતુ રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે પોતાના કાબુ બહારના કારણોને લીધે તેણે સમયસર જાણ કરી ન હતી તો ઉપર્યુક્ત જાણ કરવા માટે વ્યક્તિના પક્ષે થયેલી ચૂક તથા તેમાંથી ઉદ્‌ભવતાં પરિણામો તે માફ કરી શકશે.

૧૪. (૧) પરીક્ષા પસાર કરવાનું ધોરણ, દરેક પ્રશ્નપત્રમાં મેળવવા જોઈતા કુલ ગુણના ૫૦ ટકા રહેશે, પ્રશ્નોના જવાબો ભલે પુસ્તકોની મદદથી કે તે સિવાય આપવાના હોય.

(૨) કોઈ એક વધારે પ્રશ્નપત્રમાં ૬૦ ટકા કે તેથી વધારે માર્ક મેળવનાર નિષ્ફળ ઉમેદવારને, ત્યાર પછીની પરીક્ષામાં તે પ્રશ્નપત્રમાંથી મુક્તિ આપવામાં આવશે.

(૩) કોઈ ઉમેદવાર એક સાથે તમામ પ્રશ્નપત્રો માટે એક જ પરીક્ષામાં બેસે પરંતુ પસાર થવા માટે જોઈતા ઓછામાં ઓછા ગુણ કોઈ એક પ્રશ્નપત્રમાં મેળવે નહિ તેને તે પ્રશ્નપત્રમાં ખૂટતા ગુણ માટે માફી આપવામાં આવશે, પરંતુ એ રીતે ખૂટતા ગુણ તે પ્રશ્નપત્રમાં મેળવવા જોઈતા ગુણ કુલ સંખ્યાના પાંચ ટકા કરતાં વધુ હોવા જોઈએ નહિ.

## પરિશિષ્ટ 'ક'

[ જુઓ નિયમ ૧ (૩), ૩, ૪ ]

૧. અકિંચન યોજના અને પ્રમાણિત શાળાના નાયબ સુપરિન્ટેન્ડન્ટ.

૨. ગૃહપતિઓ (હાઉસ માસ્ટર્સ)

૩. ગૃહ માતાઓ, (હાઉસ મધર્સ)

૪. કારકુન-સહ-ગૃહપતિઓ,

૫. કારકુન-સહ-હિસાબનીસો,

૬. જૂનિયર કારકુનો અને અન્ય સમકક્ષ જગાઓ.

૮/૭

## પરિશિષ્ટ 'ખ'

[ જુઓ નિયમો ૧ (૩) ,૩, ૪ ]

૧. તમામ પ્રમાણિત શાળાઓ તથા સંસ્થાઓના સુપરિન્ટેન્ડન્ટો.

૨. પ્રમાણિત શાળાઓ તથા પ્રમાણિત સંસ્થાઓના મુખ્ય અધિકારીઓ/ ઈન્સ્પેકટરો/ મુખ્ય-સંઘટક/ મનોરોગશાસ્ત્રી/સામાજિક કાર્યકર/ મહિલા ઈન્સ્પેકટર.

૩. હેડમાસ્તરો અને પ્રિન્સિપાલો.

૪. પ્રો. ઓફિસર્સ ડિસ્ટ્રિકટ પ્રોબેશન ઓફિસર્સ, કેઈસ વર્કર્સ, નાયબ સુપરિન્ટેન્ડન્ટો, મદદનીશ સુપરિન્ટેન્ડન્ટો, મદદનીશ સુપરીન્ટેન્ડન્ટ-સહ-મેટ્રન, સમૂહ-વિકાસ ઓર્ગે-નાઈઝર, મદદનીશ ઈન્સ્પેકટરો, પ્રો. ્રુમ વર્કર.

૫. આંકડા મદદનીશ, સંશોધન મદદનીશ-સહ આંકડા મદદનીશ.

૬. સિનિયર કારકુનો/સિનિયર કારકુનો--સહ--મદદનીશો/ગૃહ માતા સહ--હિસાબનીશ.

૭. કચેરી સુપરિન્ટેન્ડન્ટો.

૮. મુખ્ય કારકુન.

૯. સબ ઓડિટરો/સબ--એકાઉન્ટન્ટો.

૧૦. દફતરદાર

## પરિશિષ્ટ 'ગ'

( જુઓ નિયમ ૧૨ )

### તાબાની સેવાની ખાતાકીય પરીક્ષા માટેનાં પાઠય પુસ્તકો

પ્રશ્નપત્ર: ૧. નોકરીની બાબતો : (પુસ્તકો સાથે ) (૧૦૦ માર્કસ) (સમય ૩ કલાક)

૧ (૧) ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.

(૨) ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧.

૨. ખાતાકીય તપાસ મેન્યુઅલ- સંપૂર્ણ પુસ્તક

૩. ગુજરાત રાજ્ય સેવા (વર્ગીકરણ અને ભરતી) નિયમો ૧૯૬૭ (સામાન્ય) સંપૂર્ણ પુસ્તિકા.

૪. મુંબઈ રાજ્ય સેવા નિયમો, ૧૯૫૯, પુસ્તક ૧ અને ૨ (નીચેના પ્રકરણો સિવાય)

પુસ્તક : ૧—

પ્રકરણ ૪. પગાર (નિયમો ૩૭થી ૩૮-ઈ, ૫૮ થી ૬૫, ૬૭ અને ૬૮ એ થી ૭૬),

પ્રકરણ ૭. લોકલ ફંડ હેઠળની સેવાઓ.

પ્રકરણ ૧૧. પેન્શન ૩- પેન્શનપાત્ર સેવાઓ.

વિભાગ ૬-પેન્શનની રકમ.

(નિયમો ૨૭૮ થી ૨૯૨ )

વિભાગ ૭-પેન્શનની ચુકવણી

વિભાગ ૮--પેન્શનની ગણતરી

(નિયમો ૩૧૬ થી ૩૧૮ અને ૩૨૦ થી ૩૨૯-એ)

વિભાગ- પેન્શનરોને ફરી નોકરીએ રાખવા બાબત.
(નિયમો ૩૩૨ અને ૩૩૨--એ )

પ્રકરણ ૧૨. -પગાર વધારો

ભાગ ૨--ફી અને માનવેતન

ભાગ ૫--પ્રવાસ માટે મળવાપાત્ર મુસાફરી ભથ્થું (કલમો ૯-અ, ૧૦, ૧૨, ૧૪ થી ૧૮, ૨૦, ૨૨ થી ૨૪-બી)

ભાગ.--૬ મુસાફરી કરનાર સરકારી નોકરને વિના ખર્ચે આવવા જવાનું સાધન પૂરું પાડેલું હોય ત્યારે મળવાપાત્ર મુસાફરી ભથ્થું. (વિભાગ ૨૫)

ભાગ.--૭ સરકારની રાજ્ય સેવામાં ન હોય તેવી વ્યકિતઓને મુસાફરી ભથ્થું આપવા બાબત.

c/9

પ્રકરણ ૧૨.—ભારત બહાર ડેપ્યુટેશન.

પ્રકરણ ૧૪. રજા.—

વિભાગ ૩—ખાસ તથા સામાન્ય રજા નિયમો.

વિભાગ ૪—રજા આપવા બાબત (નિયમો ૭૩૧થી ૭૩૬, ૭૪૭, ૭૫૮, ૭૫૨ અને ૭૫૩)

વિભાગ ૫—રજા પગાર.

વિભાગ ૬—ખાસ રાહતો (કન્સેસન્સ)

પ્રકરણ ૧૬—દરિયાઈ પ્રવાસ અને દરિયાપારનો પગાર.

પ્રકરણ ૧૭—સરકારી બંગલો લેવા બાબત.

(નિયમો ૮૩૬ થી ૮૪૮ અને ૮૫૦ થી ૮૬૧)

પ્રકરણ ૧૮.— વૈજ્ઞાનિક તથા ટેકનિકલ સંશોધનમાં કામ કરતા સરકારી નોકરોના પેટંટ

પુસ્તક ૨ : નીચેના વિષયો બાકાત કરવા—

પુરવણીઓ ૧ થી ૨, ૭-એ, ૮-એ થી ૧૨, ૧૩, ૧૩એ, ૧૪, ૧૪-એ, ૧૪-સી, ૧૬, ૧૭-એ, ૧૭-બી, ૧૮-એ, ૨૦ થી ૨૨, ૨૩-એ, ૩૦ થી ૪૨, ૪૨-બી, ૪૨-સી, ૪૩, ૫૧ અને ૫૨ થી ૫૭.

પ્રશ્નપત્ર ૨— હિસાબી બાબતો : (પુસ્તકો સાથે) (૧૦૦ માર્કસ) (૩ કલાકનો સમય)

૧. મુંબઈ નાણાકીય નિયમો, ૧૯૫૯, નીચેના સિવાય—

પ્રકરણ ૨— સામાન્ય સિધ્ધાંતો તથા નિયમો (નિયમો ૪૬, ૪૭ અને ૫૬ સિવાય).

પ્રકરણ ૮— કામો

પ્રકરણ ૯— જાહેર મકાનો

પ્રકરણ ૧૩— તિજોરી કાર્યરીતિ

પ્રકરણ ૧૪— સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની બ્રાન્ચ સાથે તિજોરીનો બેન્ક વ્યવહાર.

પુરવણીઓ. ૧ થી ૧૬, ૨૧, ૨૩ અને ૨૪.

૨. મુંબઈ તિજોરી નિયમો, ૧૯૬૦, નીચેના સિવાય —

ભાગ—૧—સામાન્ય સિધ્ધાંતો અને નિયમો.

ભાગ—૨—તિજોરીનું સામાન્ય ઓર્ગેનીઝેશન અને કામકાજ.

ભાગ—૪—સરકારી એકાઉન્ટને લગતાં અથવા તેમાં રહેલાં નાણાંની કસ્ટડી.

ભાગ—૫—સરકારી એકાઉન્ટમાંથી ઉપાડ.

(પ્રકરણ ૬ થી ૮)

ભાગ—૬—બેન્ક ટ્રઝરીઝ માટેના ખાસ નિયમો.

ભાગ—૭—અમુક ખાતાને લાગુ પડતા ખાસ નિયમો.

ભાગ—૮—જાહેર દેવું.

ભાગ— ૯—અનામતો (કલમો ૪, ૬, ૮, અને ૯)

ભાગ—૧૧—સરકારી એકાઉન્ટમાં રહેલાં નાણાં ટ્રાન્સફર કરવા બાબત.

ભાગ—૧૨—સરકાર મારફત બીજાં ભરણાં.

ભાગ—૧૩—વહીવટી સૂચનો.

ભાગ—૧૪—રદ કરવા બાબત અને અપવાદ

પુરવણીઓ અને નમૂનાઓ

૩. મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો, ૧૯૫૯, નીચેના સિવાય—

વિભાગ ૧૦—તપાસ કરનાર અધિકારીઓનાં બીલો.

વિભાગ ૧૨—જાહેર બાંધકામ વિભાગ માટેના ખાસ નિયમો.

વિભાગ ૨૧—મેડિસીન અને ટીન મેડીસિન બોક્સ.

વિભાગ ૨૫—પોષાક.

વિભાગ ૨૮—તંબૂઓ.

વિભાગ ૨૯—રીવોર્ડસ.

વિભાગ ૩૦—ડાયેટ અને રોડ મની ટુ વીટનેસીસ.

વિભાગ ૩૧—વકીલોની ફી અને લો ચાર્જિસ.

વિભાગ ૩૨—હથિયારો અને સરંજામ.

વિભાગ ૩૩—વાવર અંગેનો ખર્ચ.

વિભાગ ૩૪—સ્ટોર્સ.

વિભાગ ૩૫—રદ કરવા બાબત અને અપવાદ.

૪. મુંબઈ બજેટ મેન્યુઅલ : નીચેના સિવાય —

પ્રકરણ ૪ — ખાતાકીય અંદાજ તૈયાર કરવા માટેનાં સૂચનો.

પ્રકરણ ૫ — ઈંગ્લેન્ડમાં કરેલા સોદાઓના અંદાજ.

પ્રકરણ ૧૩ — સેન્ટ્રલ (એજન્સી) વિષયો માટેનો અંદાજ.

પુરવણી —૧— હિસાબનાં મુખ્ય, ગૌણ અને પેટા સદરોની યાદી.

પુરવણી —૨— અંદાજ કાઢનાર અને નિયંત્રણ કરનાર અધિકારીઓની યાદી.

પુરવણી—૧૨— સેન્ ્લ એજન્સી વિષયો અંદાજ કાઢનાર અને નિયંત્રણ કરનાર અધિકારીઓની યાદી.

તમામ નમૂનાઓ.

૫. મુંબઈ સામાન્ય પ્રોવિડંટ ફંડ નિયમો — આખું પુસ્તક

પ્રશ્નપત્ર ૩. કચેરી કાર્યરીતિ અને નોંધ તથા મુસદ્દાલેખન: (પુસ્તક સિવાય) (૫૦ માર્ક્સ)

(૨ કલાકનો સમય)

૧. જનરલ ઓફિસ પ્રોસિજર

નોન સેક્રેટરિયેટ ઓફિસ માટેની કચેરી કાર્યરીતિ.

૨. નોંધ તથા મુસદ્દાલેખન :

(ક) સારાંશ લેખન

(ખ) સાદુ મુસદ્દાલેખન

(ગ) નોંધ લેખન

પ્રશ્નપત્ર ૪ : (પુસ્તક સિવાય) (૧૦૦ માર્ક્સ) (૩ કલાકનો સમય)

(૧) વોલન્ટરી એજન્સીઝને સહાયક ગ્રાન્ટ

(૨) સમાજ સુરક્ષા વિભાગનાં વિવિધ કાર્યો.

(૧) મુંબઈ બાળક અધિનિયમ, ૧૯૪૮ અને તે હેઠળના નિયમો.

(૨) સૌરાષ્ટ્ર બાળક અધિનિયમ ૧૯૫૬ અને તે હેઠળના નિયમો.

(૩) મુંબઈ બાળક (જિલ્લા એસોસિયેશન તરફથી નિભાવતાં બાળરક્ષા ગૃહોની વ્યવસ્થા) નિયમો ૧૯૫૫.

(૪) પ્રમાણિત શાળાના વહીવટ બાબતના નિયમો, ૧૯૫૮.

(૫) ગુનેગારોને પ્રોબેશન ઉપર રાખવા બાબતનો અધિનિયમ ૧૯૩૮ અને તે હેઠળ કરેલા નિયમો.

(૬) ગુનેગારોને પ્રોબેશન ઉપર રાખવા બાબત અધિનિયમ, ૧૯૫૮.

(૭) મુંબઈ બોસ્ટલ શાળા અધિનિયમ ૧૯૨૯ અને તે હેઠળ કરેલા નિયમો.

(૮) મુંબઈ ભીખ પ્રતિબંધ અધિનિયમ, ૧૯૫૯ અને તે હેઠળ કરેલા નિયમો.

(૯) મુંબઈ રીઢા ગુનેગારો બાબતનો અધિનિયમ, ૧૯૫૯.

(૧૦) સ્ત્રીઓ અને છોકરીઓનો અનૈતિક વ્યવહાર અટકાવવા બાબત અધિનિયમ ૧૯૫૬ અને તે હેઠળ કરેલા નિયમો.

(૧૧) સ્ત્રીઓ અને બાળકોની સંસ્થાઓને (લાઈસન્સ આપવા) બાબતનો અધિનિયમ, ૧૯૫૬ અને તે હેઠળ કરેલા નિયમો.

(૧૨) બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ, ૧૯૨૯.
( ૧૯૬૩ સુધી સુધાર્યા પ્રમાણે )

(૧૩) અસ્પૃશ્યતા અધિનિયમ, ૧૯૫૫.

(૩) સમાજ સુરક્ષા, શારીરિક ખોડ અને માનસિક ખોડ અને માનસિક ખામીવાળા બાળકોના કલ્યાણ માટેની યોજનાઓ તથા કાર્યક્રમો.

પ્રશ્નપત્ર ૪ : (પુસ્તક સિવાય) (૧૦૦ માર્ક્સ) (૩ કલાકનો સમય)

(૧) વોલન્ટરી એજન્સીઝને સહાયક ગ્રાન્ટ

(૨) સમાજ સુરક્ષા વિભાગનાં વિવિધ કાર્યો.

(૧) મુંબઈ બાળક અધિનિયમ, ૧૯૪૮ અને તે હેઠળના નિયમો.

(૨) સૌરાષ્ટ્ર બાળક અધિનિયમ ૧૯૫૬ અને તે હેઠળના નિયમો.

(૩) મુંબઈ બાળક (જિલ્લા એસોસિયેશન તરફથી નિભાવતાં બાળરક્ષા ગૃહોની વ્યવસ્થા) નિયમો ૧૯૫૫.

(૪) પ્રમાણિત શાળાના વહીવટ બાબતના નિયમો, ૧૯૫૮.

(૫) ગુનેગારોને પ્રોબેશન ઉપર રાખવા બાબતનો અધિનિયમ ૧૯૩૮ અને તે હેઠળ કરેલા નિયમો.

(૬) ગુનેગારોને પ્રોબેશન ઉપર રાખવા બાબત અધિનિયમ, ૧૯૫૮.

(૭) મુંબઈ બોર્સ્ટલ શાળા અધિનિયમ ૧૯૨૯ અને તે હેઠળ કરેલા નિયમો.

(૮) મુંબઈ ભીખ પ્રતિબંધ અધિનિયમ, ૧૯૫૯ અને તે હેઠળ કરેલા નિયમો.

(૯) મુંબઈ રીઢા ગુનેગારો બાબતનો અધિનિયમ, ૧૯૫૯.

(૧૦) સ્ત્રીઓ અને છોકરીઓનો અનૈતિક વ્યવહાર અટકાવવા બાબત અધિનિયમ ૧૯૫૬ અને તે હેઠળ કરેલા નિયમો.

(૧૧) સ્ત્રીઓ અને બાળકોની સંસ્થાઓ ને (લાઈસન્સ આપવા) બાબતનો અધિનિયમ, ૧૯૫૬ અને તે હેઠળ કરેલા નિયમો.

(૧૨) બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ, ૧૯૨૯.
( ૧૯૬૩ સુધી સુધાર્યા પ્રમાણે )

(૧૩) અસ્પૃશ્યતા અધિનિયમ, ૧૯૫૫.

(૩) સમાજ સુરક્ષા, શારીરિક ખોડ અને માનસિક ખોડ અને માનસિક ખામીવાળા બાળકોના કલ્યાણ માટેની યોજનાઓ તથા કાર્યક્રમો.

C/13

યોજનાનો નંબર અને નામ:

૧. પરિવાર અને બાળ કલ્યાણ

૫૮૬. પરિવાર અને બાળકલ્યાણ.

૨. બાળ કલ્યાણ

૫૮૭. બાળકો માટેની ફોસ્ટરપેરન્ટ સર્વિસ

૫૮૮. બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ માટેનું તંત્ર.

૫૮૯. બાળકો માટે કુટિર જેવાં ગૃહ.

૫૯૦. ગ્રામવિસ્તારમાં બાળકો માટે બાલવાડી.

૫૯૧. બાળકો માટે સહેલગાહ—પર્યટન.

૩. મહિલા કલ્યાણ

૫૯૨. ફેમિલી કાઉન્સેલિંગ સેન્ટર્સ.

૫૯૩. કામ કરતી મહિલા માટે હોસ્ટેલ.

૪. કંગાલિયત નાબૂદી

૫૯૪. ભિખારી માટેનાં સ્વીકાર કેન્દ્રોની સ્થાપના.

૫૯૫. વિદ્યમાન ભિખારી ગૃહોનું વિસ્તરણ તથા વિકાસ.

૫: સમાજ કલ્યાણ

૫૯૬. જુવેનાઈલ માર્ગદર્શન કેન્દ્રો અને યુથ કલબ.
૫૯૭. નવાં બાળરક્ષા ગૃહો ખોલવા વિષે.
૫૯૮. બાળરક્ષાગૃહોનું વિસ્તરણ અને વિકાસ.
૫૯૯. છોકરીઓ માટેની પ્રમાણિત શાળાની સ્થાપના.
૬૦૦. પ્રમાણિત શાળાના વિસ્તરણ અને વિકાસ.
૬૦૧. બાળકો માટેનાં વર્ગીકરણ કેન્દ્રો.
૬૦૨. પ્રોબેશન સેવાઓનું વિસ્તરણ.
૬૦૩. સેન્ટ્રલ જેલમાં કેદીઓ (સંપર્ક સેવા)ના કલ્યાણ બાબત.

૬. સમાજકલ્યાણ નૈતિક સ્વાસ્થ્ય અને પછીની સંભાળ માટેની સેવાઓ—

૬૦૪. નૈતિક અને સામાજિક સ્વાસ્થ્ય અને પછીની સંભાળ માટેની સેવાઓ હેઠળની સંસ્થાઓનું વિસ્તરણ અને વિકાસ.

૬૦૫. રાજ્યગૃહો સાથે સંકળાયેલાં ટ્રેઈનીંગ-કમ-પ્રોડકશન કેન્દ્રોની સ્થાપના.

૬૦૬. સ્વીકાર કેન્દ્રોની સ્થાપના.

૬૦૭. સુધારક અને બિનસુધારક (કરેકશનલ અને નોન કરેકશનલ) સંસ્થાઓમાંથી છુટા કરાયેલાને સહાય.

૭. અપંગ વ્યકિતઓનો પુનર્વસવાટ—

૬૦૮. અપંગ બાળકો માટેના ગૃહની સ્થાપના.

૬૦૯. માનસિક રીતે મંદ હોય તેવા બાળકો માટેની શાળા.

૬૧૦. અપંગ બાળકોને પ્રોસ્થેટિક એજ્યુકેશનલ અને ઓડિટરી સહાય આપવા બાબત.

૬૧૧. શારીરિક ખોડવાળા લાયક વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ.

૬૧૨. શારીરિક ખોડવાળાની ઉન્નતિ માટેની સંસ્થાઓમાં વિદ્યમાન સેવાઓના વિકાસમાં વધારો કરવા બાબત.

૬૧૩. શારીરિક ખોડવાળા કામ કરનારાઓ માટે હોસ્ટેલ.

૮. તાલીમ સંશોધન અને વહીવટીતંત્ર :—

૬૧૪. નિયામકની કચેરીમાં સંશોધન અને આંકડાવિષયક સેલની રચના બાબત.

૬૧૫. મુખ્ય મથકે વહીવટીતંત્રને મજબૂત બનાવવા બાબત.

૬૧૬. સમાજકલ્યાણના ક્ષેત્રમાં કર્મચારીઓની તાલીમ, પરિસંવાદ અને માહિતીની આપલે.

૯. સમાજકલ્યાણ સંસ્થાઓને સહાયક ગ્રાન્ટ.—

૬૧૭. સમાજકલ્યાણના ક્ષેત્રમાં કામ કરતી ઐચ્છિક એજન્સીઓને બાંધકામ માટેની ગ્રાન્ટ.

૬૧૮. શારીરિક ખોડવાળાઓની ઉન્નતિ માટે નવી શાળા/નવાં ગૃહો શરુ કરવા માટે ઐચ્છિક એજન્સીઓને ગ્રાન્ટ.

૬૧૯. સમાજકલ્યાણના ક્ષેત્રમાં તેમના કાર્યક્રમોના વિસ્તરણ અને વિકાસ માટે ઐચ્છિક એજન્સીઓને ગ્રાન્ટ આપવા બાબત.

(૪) પ્રમાણિત શાળા, બાળરક્ષાગૃહોના વહીવટ અંગેના નિયમો.

(૫) શારીરિક ખોડવાળાઓની સંસ્થાઓનું કામકાજ.

(૬) જ્યુવેનાઈલ્સ, શારીરિક ખોડવાળાઓ, માનસિક ખોડવાળાઓ, ભિખારીઓ વગેરેને આપેલ ખાસ હકો તથા રાહતો.

(૭) લાઈસન્સો પર મુકત કરવા બાબત

C/15

પરિશિષ્ટ 'ઘ'

(જુઓ નિયમ ૧૨)

ઉચ્ચકક્ષાની ખાતાકીય પરીક્ષા માટેનાં પાઠ્યપુસ્તકો.

પ્રશ્નપત્ર ૧ : નોકરીની બાબતો પરિશિષ્ટ 'ગ' પ્રમાણે (પુસ્તકો સાથે) (૧૦૦ માર્કસ)

પ્રશ્નપત્ર ૨ : હિસાબી બાબતો (૧૦૦ માર્કસ) પરિશિષ્ટ 'ગ' પ્રમાણે

પ્રશ્નપત્ર ૩ : (પુસ્તક સાથે) (૧૦૦ માર્કસ) (૩ કલાકનો સમય)

(૧) મુંબઈ બાળક અધિનિયમ, ૧૯૪૮ અને તે હેઠળ કરેલા નિયમો.

(૨) સૌરાષ્ટ્ર બાળક અધિનિયમ, ૧૯૫૬ અને તે હેઠળ કરેલા નિયમો.

(૩) મુંબઈ બાળક (જિલ્લા એસોસિયેશન તરફથી ચલાવાતાં બાળરક્ષાગૃહોના વહીવટ) બાબતના નિયમો, ૧૯૫૫.

(૪) પ્રમાણિત શાળા વહીવટ નિયમો, ૧૯૫૮,

(૫) મુંબઈ ગુનેગાર પરિવીક્ષા અધિનિયમ, ૧૯૩૮ અને તે હેઠળ કરેલા નિયમો.

(૬) ગુનેગાર પરિવીક્ષા અધિનિયમ, ૧૯૫૮.

(૭) મુંબઈ બોસ્ટૅલ શાળા અધિનિયમ, ૧૯૨૯ અને તે હેઠળ કરેલા નિયમો.

(૮) મુંબઈનો ભીખ માંગવા પર પ્રતિબંધ મૂકવા બાબતનો અધિનિયમ, ૧૯૫૬ અને તે હેઠળ કરેલા નિયમો.

(૯) મુંબઈ રીઢા ગુનેગારો બાબતનો અધિનિયમ, ૧૯૫૯.

(૧૦) સ્ત્રીઓ અને છોકરીઓના અનૈતિક વ્યવહારનું નિયમન કરવા બાબતનો અધિનિયમ, ૧૯૫૬ અને તે હેઠળ કરેલા નિયમો.

(૧૧) સ્ત્રીઓ અને બાળકો (ને લાઈસન્સ આપવા) બાબતનો અધિનિયમ ૧૯૫૬ અને તે હેઠળ કરેલા નિયમો.

(૧૨) બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ, ૧૯૨૯ (સન ૧૯૬૩ સુધી સુધાર્યા પ્રમાણે)

(૧૩) અસ્પૃશ્યતા અધિનિયમ, ૧૯૫૫.

પ્રશ્નપત્ર ૪. (પુસ્તકો સિવાય) (૧૦૦ માર્કસ) (૩ કલાકનો સમય)

(૧) નૈતિક તથા સામાજિક સ્વાસ્થ્ય અને પછીની સેવાઓનો કાર્યક્રમ.

(૨) સૌરાષ્ટ્રમાં પુખ્ત વયનાઓ અને અશક્તો માટેનાં ગૃહોનાં કામકાજ.

(૩) નિરાધાર વ્યક્તિઓ માટેની સંસ્થાઓ.

(૪) મુક્ત થયેલા કેદીઓને સહાય.

(૫) શારીરિક ખોડવાળાઓની સંસ્થાઓનું કામકાજ.

(૬) જુવેનાઈલ્સ, શારીરિક અને માનસિક ખોડવાળાઓ, ભિખારીઓ વગેરે સમાજ કલ્યાણ યોજનાઓ અને પગલાં, સમાજ સંરક્ષણ વિભાગનું વહીવટી, માળખું વગેરેને આપવામાં આવેલ ખાસ હકો અને રાહતો.

પરિશિષ્ટ 'ચ'

( જુઓ નિયમ ૧૩ )

અરજીનો નમૂનો

સમાજ સંરક્ષણ નિયામક, ગુજરાત રાજ્ય તરફથી લેવાતી તાબાની સેવાની ખાતાકીય પરીક્ષા અથવા ઉચ્ચ કક્ષાની ખાતાકીય પરીક્ષામાં બેસવા માટેની અરજી

૧. અરજદારનું પૂરેપૂરું નામ.
(અંગ્રેજી અને ગુજરાતીમાં અટક પ્રથમ)

૨. હોદ્દો (પદ) (અંગ્રેજી અને ગુજરાતીમાં)

૩. હાલ જે કચેરીમાં કામ કરતા હોય તે:

૪. જન્મ તારીખ અને આ પરીક્ષા વખતે ઉંમર.

૫. નિમણૂકની તારીખ અને નોકરીનાં કુલ વર્ષ.

૬. (૧) અગાઉ પરીક્ષામાં બેઠા છે ?

બેઠા હોય તો —

(ક) જે પરીક્ષામાં બેઠા હોય તે મહિનો અને વર્ષ.

(ખ) કોઈ મુક્તિ મળેલી છે ? જો મળી હોય તો તેના ગુણ, પરીક્ષાનું વર્ષ અને વિષયોની વિગતો.

(ગ) મળેલી મુક્તિનો લાભ લેવો છે ?

હા —

ના —

(તક છેલ્લી ગણવામાં આવશે અને બીજી તક માટે છૂટ આપવામાં આવશે નહિ.)

૭. જે હેઠળ તેને પરીક્ષામાં બેસવાનું હોય તે ઓથોરિટી અથવા નિયમો.

૮. કેટલી તક અથવા સમયમર્યાદામાં પરીક્ષા પસાર કરવાની છે ?

(અગાઉની પરીક્ષામાં બેસવાની મુદત પૂરી થયાની તારીખ પણ જણાવવી.)

૯. પૂરી કરેલી તકોની સંખ્યા.

૧૦. વધારાની (ખાસ) તકો આપવામાં આવી હોય તો તે દર્શાવતા હુકમની તારીખ જણાવી તેની એક નકલ મોકલવી.

૧૧. ઉંમર અને નોકરીની મર્યાદામાં છૂટછાટ મૂકતા, યોગ્ય અધિકારીના હુકમનો નંબર તથા તારીખ
(હુકમની નકલ મોકલવી)

૧૨. પરીક્ષા પસાર કરવાનો હેતુ (એટલે કે સરકારી નોકરીમાં કાયમી થવું, બઢતી વગેરે )

૧૩. ખાતાકીય પરીક્ષાના નિયમો અનુસાર પરીક્ષામાં બેસવા માટે પાત્ર છે ?

૧૪. તમામ પ્રશ્નપત્રોના જવાબો અંગ્રેજીમાં કે ગુજરાતીમાં આપવા છે ?

તેમ ન હોય તો કયા પ્રશ્નપત્રોના જવાબ અંગ્રેજીમાં કે ગુજરાતીમાં આપવા છે ?

૧૫. વિશેષ નોંધ, લખવી હોય તો.

( અરજદારની સહી )

યોગ્યતાનું પ્રમાણપત્ર

પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ઉપરની વિગતોની ખરાઈ કરી છે અને તે સાચી જણાઈ છે.
શ્રી...........................................................................તારીખ..................................................
વર્ગ...............માં લેવાનારી પરીક્ષામાં બેસવા માટે યોગ્યતા ધરાવે છે.

(ખાતા/કચેરીના વડાની સહી તથા હોદ્દો )

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એન. નાણાવટી,
સરકારના ઉપ-સચિવ.

---